અપીલ અરજી નં.૩૧૩ તા.૩–૨–૦૯

અરજદારઃ શ્રીગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રીગુલામભાઈ મેમણની તા.૧૨–૧૨–૦૮ની અરજીથી સોની ફળીયા એનીબેસન્ટ રોડ ઉપર આવેલ વોર્ડ નં.૧/૩૪૬૨/૧ માં બંધાયેલ બાંધકામના મંદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૩–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૧૩/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૨–૧૨–૦૮ની અરજીથી સોની ફળીયા એનીબેસન્ટ રોડ ઉપર આવેલ વોર્ડ નં.૧ /૩૪૬૨/૧ માં બંધાયેલ બાંધકામના મંદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૩૦૪ તા.૨૭–૧–૦૯ થી સમય મર્યાદા બાદ આપેલ માહિતીથી નારાજ થઈ તથા ભરેલી ફી ના પૈસા પાછા મેળવવા અને વિના મૂલ્યે માહિતી પુરી પાડવા તથા જવાબદાર અધિકારી સામે પગલા ભરવાની રજુઆત કરી એપેલેટ ઓફિસરને તા.૩–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૬૮ તા.૯–૨–૦૯થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને તા.૩–૩–૦૯ ના રોજ પૂરક માહિતી મળેલ છે.

અરજદારની તા. ૧૨–૧૨–૦૮ ની અરજીમાં સોની ફળીયા એનીબેસન્ટ રોડ ઉપર આવેલ વોર્ડ નં.૧૦/૩૪૬૨/૧ માં બંધાયેલ બાંધકામના મંદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને તા.૫–૧–૦૯ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં તેમણે તેઓની ભૂલથી મુળ અરજીમાં વોર્ડ નં.૧ ની જગ્યાએ ૧૦ લખેલ હોવાનું સ્વીકારેલ. જાહેર માહિતી અધિકારી ધ્વારા ચોકકસ વિગતો રજુ કરી માહિતી મેળવવા જણાવેલ હોવા છતાં તેમ નહીં કરી બિન જરૂરી સીધી અપીલ કરેલ. જે અંગે નં.આરટીઆઈ સેલ/૯૭૧ તા.૧૬–૧–૦૯ ના રોજ અત્રેથી હુકમ કરી જાહેર માહિતી અધિકારીને વિગતો આપી માહિતી મેળવી લેવા અરજદારને જણાવવામાં આવેલ. જે સંદર્ભે અરજદારે પુનઃ તા.૩–૨–૦૯ ના રોજ વોર્ડ નંબર ૧૦ ની જગ્યાએ વોર્ડ નં.૧ તથા નોંધ નંબર ૩૪૬૨/૧ ની જગ્યાએ ૩૪૬૨ સુધારી પુનઃ અપીલ કરેલ છે. જેમાં સમય મર્યાદા પુરી થઈ છતાં માહિતી મળેલ નથી તથા અરજદારે ભરેલી ફીના પૈસા પરત મેળવવા તથા માહિતી વિના મૂલ્યે પુરી પાડવા અને જવાબદાર અધિકારી સામે પગલા ભરવાની રજૂઆત કરેલ છે. જે સંદર્ભે અરજદારને તા.૧૨–૧ ૨–૦૮ ની મુળ અરજી સંદર્ભે સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૭૫ તા.૧–૧–૦૯ ના રોજ અરજદારને સમય મર્યાદામાં પ્ર ત્યુત્તર આપવામાં આવેલ છે. તા.૫–૧–૦૯ ની અપીલ અંગે પણ આરટીઆઈ સેલ/૯૭૧ તા.૧૬–૧–૦૯ થી યોગ્ય રીતે સૂચિત કરેલ. જેના અનુસંધાને સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૭૦ તા.૯–૨–૦૯ના રોજ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પત્ર પાઠવી વિગતવાર માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેથી અરજદારની અસ્પષ્ટ માહિતી રજુઆત તેમજ સમય મર્યાદા બહાર માહિતી આપ્યાની રજૂઆત તર્કસંગત અને બુધ્ધિગમ્ય નથી. હકીકત જોતાં અરજદારના પક્ષે સ્ પષ્ટતાની અનુપસ્થિતિમાં વિલંબ થવા પામેલ સ્પષ્ટ થાય છે.

### ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારે કરેલ વોર્ડ નંબર અને નોં ધ નંબરની સ્પષ્ટતા મુજબની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પડાયેલ હોય અત્રેથી કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ દફતરે કરવામાં આવે છે.

માહિતીની અસ્પષ્ટ વિગતો ની માંગણીને કારણે અરજદાર કક્ષાએથી થયેલ વિલંબ અને ગેર રજૂઆત ધ્યાને લેતાં અરજી નિકાલમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વિલંબ થયેલ ગણાય નહી. જેથી તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

***ડે.કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૩)શ્રી ગુલામભાઈ મેમણ